# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 03-07-2024　　　　　　　　　　　　સવારે : 7.10 થી 7.20

- ✓ અમદાવાદ સહિત રાજ્યભરમાં મેઘ મહેર... ચોવિસ કલાકમાં 169 તાલુકાઓમાં વરસાદ વરસતા ખેડૂતો ખુશખુશાલ
- ✓ ગાંધીનગર ખાતે વેધર વોચ ગૃપની બેઠક યોજાઇ... ચોમાસાની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી ...એનડીઆરએફ તેમજ જીલ્લા તંત્રને સતર્ક રહેવા સૂચના
- ✓ વગર પરવાને સુરત ખાતે એલોપેથીક દવા બનાવટી ફેક્ટરી પકડી પાડતું રાજ્યનું ખોરાક અને ઔષધ નિયમન તંત્ર
- ✓ રાજકોટના ગણોદ-તણસવા પાસેના ખાનગી ઔદ્યોગિક એકમો ધરાવત દસ કિલોમિટરના વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરાયો.. તંત્ર દ્વારા તકેદારીના પગલાં લેવાયા ..
- ✓ પેરા મેડિકલ અભ્યાસક્રમોની 49 હજાર કરતાં વધુ બેઠકો માટે  આવતીકાલથી પ્રવેશ માટે નોંધણી પ્રક્રિયા શરૂ કરાશે..

## STATE RAIN

સમગ્ર રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યાં હોવાના અહેવાલ છે.

ત્યારે ગાંધીનગરથી જાહેર કરાયેલા સત્તાવાર વરસાદના આંકડા અનુસાર ગઇકાલ રાત્રીના આઠ વાગ્યા સુધીમાં 169 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો..જેમાં બનાસકાંઠાના લાખણીમાં સૌથી વધુ અગિયાર ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો..

જ્યારે મહેસાણા અને બહેચરાજીમાં ચાર -ચાર ઇંચ વરસાદ નોંધાયો હતો..ઉત્તર ગુજરાતમાં અતિભારે વરસાદ જ્યારે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ નોંધાયો હતો..આ

ઉપરાંત સૌરાષ્ટ્રમાં પણ કેટલાંક સ્થળોએ ભારેથી મધ્યમ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે..

.................

## AHD RAIN

અમદાવાદમાં ગઇકાલે ભારે વરસાદ વરસ્યો હતો.. બપોર બાદ વરસેલા વરસાદના પગલે અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઇ હતી.

નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઇ ગયા હતા .અમાદવાદ મહાનગરપાલિકા દ્વારા જાહેર થયેલા વરસાદના આંકડા અનુસાર શહેરમાં ગઇકાલે રાત્રીના દસ વાગ્યા સુધીમાં સરેરાશ સવા ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો... જેમાં સૌથી વધુ વરસાદ મણીનગરમાં પોણા ત્રણ ઇંચ વરસાદ પડ્યો હતો જ્યારે સૌથી ઓછો ચાર મીલીમીટર વરસાદ કોતરપુરમાં પડ્યો હતો..

ભારે વરસાદના પગલે રાત્રે દસ વાગ્યા સુધીના અહેવાલ અનુસાર વાસણા બેરેજના ચાર દરવાજા ત્રણ ફૂટ ખોલવામાં આવ્યા હતા અને નદીમાં પાંચ હજાર 264 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે...

.................

## weather watch group

રાજ્યમાં ચોમાસાની સ્થિતિને પહોચી વળવા રાહત કમિશનર જેનુ દેવાનની અધ્યક્ષતામાં ગઇકાલે  સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગર ખાતે હવામાન નિરિક્ષણ સમૂહની  બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં  સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની હવામાન ખાતાની આગાહીને ધ્યાનમાં રાખીને ચર્ચા કરવમાં આવી હતી.આ બેઠકમાં રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળના અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું  કે, રાજયમાં ભારે વરસાદની ચેતવણીના ભાગ રૂપે એન.ડી.આર.એફ.ની ૧૦ ટીમો તૈનાત કરવામાં આવી છે જ્યારે ૫ ટીમો અનામત રાખવામાં આવી છે .બેઠકમાં કૃષિ વિભાગના અધિકારીએ જણાવ્યું કે, હાલમાં રાજયમાં ૨૯% જેટલું વાવેતર થયુ છે .બેઠકમાં રાહત કમિશનરશ્રી દ્વારા તમામ નોડલ અધિકારીઓને  માર્ગદર્શન તથા જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

.................

## MORBI GABDU

ભારે વરસાદના પગલે નુકસાન પણ થઇ રહ્યું છે. ત્યારે આજે સવારે મોરબીની મચ્છુ ડેમ-૨ની કેનાલમાં ગાબડું પડ્યું હતું.

માઈનોર કેનાલ માં ગાબડું પડતા પાણી જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઇ હતી..બગથળા અને ખખરાલાની માઇનોર કેનાલ વચ્ચે આ મોટું ગાબડુ પડતા આસપાના વિસ્તારમા પાણી ફરી વળ્યાં હતા..ભારે વરસાદને કારણે કેનાલ માં પાણીના ધસમસતા પ્રવાહને કારણે ગાબડું પડ્યું હતું..ગાબડું પડવાને કારણએ આસપાસના ખેતરોમાં પાણી ભરાયું હતુ. ગાબડું પડવાની જાણ થતાં જ તંત્ર દ્વારા ગાબડું પુરવાની તંત્ર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી.

.................

## Counterfeit Medicines

રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર સુરત ખાતે પરવાના વગર એલોપેથીક દવા બનાવટી ફેક્ટરી અને બનાવટી દવાઓનું વેચાણ કરતી પેઢીનો પર્દાફાસ કર્યો છે.

સુરતના લિંબાયત અને માંગરોળ ખાતે ગઇકાલે તંત્રએ દરોડા પાડીને કોસ્મેટિકની આડમાં એલોપેથિક દવાઓની બનાવટી અને તેનું વેચાણ કરતા એકમોને પકડી પડ્યા છે. તેવી જ રીતે સુરતના જકાતનાકા ખાતે એક પેઢી દ્વારા કોઇપણ જાતના ઉત્પાદનના લાયસન્સ વગર એક ગોડાઉનમાં જ પેકીંગ કરી ટેસ્ટીંગ કર્યા વગર વેચાણ કરતા હોવાનું તપાસ દરમ્યાન સામે આવ્યું છે . તંત્ર દ્વારા શંકાસ્પદ એલોપેથીક દવાના ૩ નમુના અને કોસ્મેટીકના ૧૧ એમ કુલ ૧૪ નમુના લઈ ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે.

આ સાથે તંત્ર એ ૩૦ લાખ રૂપિયાની કિંમતનો બનાવટી એલોપેથીક દવા અને કોસ્મેટીકનો મુદ્દામાલ જપ્ત કર્યો છે . આ અંગે રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર કમિશનર ડૉ. એચ. જી. કોશિયા જણાવ્યુ કે ગેરકાયદેસર – બનાવટી દવાના વેચાણમા સંકળાયેલ ઇસમો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા તંત્ર કટિબ્ધ છે. શ્રી કોશીયાએ

જણાવ્યું છે સદર ફેક્ટરીની તપાસ દરમ્યાન હકીકત ખુલેલ છે કે કોઇપણ જાતના પરવાના વગર ગેરકાયદેસર રીતે ગુણવત્તા વગરની દવાઓનું વેચાણ કરી જાહેર જનતાના આરોગ્ય તથા સ્વાસ્થય જોખમાય તેવું ખુબ જ ગંભીર કૃત્ય કરેલ છે અને આ બાબતે વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.................

## COLLERA RAJKOT

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ગણોદ-તણસવા રોડ પર આવેલા ખાનગી ઔદ્યોગિક વિસ્તારોમાં સંભવિત કોલેરાના કેસો નોંધાયા હતા..

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના અહેવાલને પગલે, જિલ્લા કલેક્ટરે આ ઔદ્યોગિક વિસ્તાર તથા આસપાસના ૧૦ કિલોમીટરના વિસ્તાર કોલેરાગ્રસ્ત જાહેર કર્યો છે. ઉપલેટા મામલતદારની કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવી છે.

જિલ્લા કલેક્ટરે પ્રસિધ્ધ કરેલા આદેશો મુજબ, બરફના કારખાનાઓએ બરફ બનાવવા પીવા લાયક પાણી જ વાપરવાનું રહેશે. ખાદ્ય પદાર્થ બનાવવા કે ઠંડા પીણા માટે બરફનો સીધો ઉપયોગ કરી શકાશે નહીં. નળ કનેક્શનના સ્થળે ખાડો ખોદીને પાણી મેળવવું નહીં. શહેરના તમામ મકાનોની ઓવરહેડ ટાંકી, અંડરગ્રાઉન્ડ ટાંકીની સફાઈ કરાવી લેવી. પીવાનું પાણી ક્લોરિનેશન કર્યા બાદ જ ઉપયોગમાં લેવુ સહિતની સૂચનાઓ આપી છે અને તેનો ચુસ્ત પણે અમલ કરવા તાકીદ કરી છે..

ખાદ્ય પદાર્થના વેપારીઓને પણ તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે.. દુકાનમાં સ્વચ્છતાના ઉચ્ચ ધોરણો જાળવવાના રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ પણ કલેક્ટર દ્વારા જણાવાયું છે.

.................

## governor meet with agricultural minister

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગઈકાલે નવી દિલ્હીમાં કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.

તેમણે પ્રાકૃતિક કૃષિને અગ્રતા આપીને સમગ્ર દેશમાં તેનો વ્યાપ વધારવા વિચાર-વિમર્શ કર્યો હતો. કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે પણ પ્રાકૃતિક કૃષિ પધ્ધતિના વિસ્તારમાં વિશેષ રસ દાખવ્યો હતો. ગુજરાતની જેમ ભારતના અન્ય રાજ્યોમાં પણ પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે વિસ્તૃત ચર્ચા-વિચારણા થઈ હતી.રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સમગ્ર રાષ્ટ્રના કલ્યાણ માટે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને અગ્રતા આપવા અનુરોધ કર્યો હતો.રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ સમગ્ર રાષ્ટ્રના કલ્યાણ માટે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને અગ્રતા આપવા અનુરોધ કર્યો હતો.

.................

## PARA MEDICAL RAGISTRATION

પેરા મેડિકલ કોર્સિસ એડમિશન કમિટી દ્વારા વર્ષ 2024-25 માટે બીએસસી નર્સિંગ, ફિઝિયોથેરાપી સહિતના અભ્યસક્રમોમાં ચોથી જુલાઇ એટલેકે આવતીકાલથી ઓનલાઇન રજીસ્ટ્રેશન થઇ શકશે.

એક હજાર 82 કોલેજોની 49 હજાર 995ની બેઠકો માટે વિદ્યાર્થીઓ પોતાની પસંદગી ભરી શકશે..

એડમિશન કમિટીની વેબસાઇટ પરથી ઓનલાઇન પિન ખરીદી પંદરમી જુલાઇ સુધી થઇ શકશે..જ્યારે ઓનલાઇન નોંધણી અને પ્રમાણપત્રો અપલોડ કરવાની કામગીરી પંદરમી જુલાઇ સુધી કરી શકાશે.

.................

## NATIONAL TEACHER AWARDS

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર 2024 માટે માન્ય શિક્ષકો પાસેથી અરજીઓ મંગાવી છે.

અરજી સ્વીકારવાની અંતિમ તારીખ 15 જુલાઈ છે. મંત્રાલયે જણાવ્યું છે કે, આ વર્ષે જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ત્રણ તબક્કાની પસંદગી પ્રક્રિયા દ્વારા કુલ 50 શિક્ષકોની પસંદગી કરવામાં આવશે.

નવી દિલ્હીમાં પાંચ સપ્ટેમ્બરે શિક્ષક દિવસનાં રોજ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુના હસ્તે પુરસ્કાર એનાયત કરવામાં આવશે. પાત્રતા ધરાવતા શિક્ષકો શિક્ષણ મંત્રાલયના પોર્ટલ પર www.nationalawardstoteacherseducation.gov.in પર પોતાની અરજીઓ મોકલી શકે છે.

.................

## NSP---SCHOLARSHIP

નેશનલ મીન્સ કમ-મેરિટ સ્કોલરશીપ યોજના હેઠળ શૈક્ષણિક વર્ષ 2024-25 માટે રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ પર નોંધણી શરૂ કરવામાં આવી છે.

શિક્ષણ મંત્રાલયે જણાવ્યું છે કે  એક વખતની નોંધણી તેમજ શિષ્યવૃત્તિ માટે નવી  અરજીઓ કરવા માટે પોર્ટલ ખુલ્લું મુકવામાં આવ્યુ છે. જે અંતર્ગત અરજી કરવાની છેલ્લી તારીખ 31મી ઓગસ્ટ છે. નોંધનીય છે કે શિષ્યવૃત્તિ માટે અરજી કરવા માટે 14 અંકનો એક વખતનો નોધણી નંબર -ઓટીઆર જરૂરી છે.  જે વિદ્યાર્થીઓએ અગાઉથી આ નંબર મેળવ્યો છે તેઓ પોર્ટલ પર સીધી અરજી કરી શકે છે.

.................

## JAHERNAMU

અમદાવાદ શહેરમાં સાતમી જુલાઇને અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથની રથયાત્રા યોજાનારી છે. ત્યારે સલામતીના પગલાં લેવાઇ રહ્યાં છે.

ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આ રથયાત્રા યોજાનારી છે. અમદાવાદ પોલીસ પણ સતર્ક બની ગઇ છે.. ત્યારે અમદાવાદના નાગરિકોને કોઇ અસુવિધા ન થાય તે માટે અમદાવાદ પોલીસ કમિશ્નર દ્વારા નો પાર્કિંગ ઝોનનું જાહેરનામુ પ્રસિધ્ધ કરાયું છે.

જેમાં જગન્નાથ મંદિરથી લઇને વૈશ્યસભા, જમાલપુર દરવાજાથી શરૂ કરીને ખમાસા , માણેકચોક સહિતના રથયાત્રાન રૂટ ઉપર પાર્કિંગ પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું પ્રસિધ્ધ કરાયું છે..

છઠ્ઠી જુલાઇના રાતના બાર વાગ્યાથી લઇને રથયાત્રા સંપન્ન ન થાય ત્યાં સુધી આ જાહેરનામું અમલમાં રહેશે . અમદાવાદ પોલીસ કમિશનરે જાહેરનામામાં ઉલ્લેખ કર્યો છે કે જાહેરનામાનો ભંગ કરનારા સામે ભારતીય ન્યાય સંહિતા અનુસાર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

.................

## RAJKOT PERA MILITRY

ગુજરાતના યુવાનો અર્ધલશ્કરી દળોમાં જોડાઈ શકે તે માટે ગુજરાત સરકાર દ્વારા તાલીમનું આયોજન કરાયું છે.

ગુજરાતના યુવાનો સૈન્ય,વાયુદળ,નૌકાદળ, અર્ધલશ્કરી દળોની ભરતી પૂર્વે શારીરિક અને માનસિક ક્ષમતા માટેની પરીક્ષાલક્ષી નિવાસી તાલીમ યોજના અમલમાં મૂકાઇ છે. જે અંતર્ગત  મદદનિશ નિયામકની કચેરી-રાજકોટ દ્વારા યુવાનોના કૌશલ્યનો ઉપયોગ રાષ્ટ્રના નિર્માણના કામમાં થાય તે માટે ૩૦ દિવસની એક નિવાસી તાલીમ વર્ગનું આયોજન ટૂંક સમયમાં કરવામાં આવશે.

આ તાલીમમાં જોડાવા ઈચ્છુક રાજકોટ જિલ્લાના ફક્ત પુરૂષ ઉમેદવારોએ મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી-રાજકોટને પોતાના તમામ શૈક્ષણિક લાયકાતના સર્ટિફિકેટ, શાળા છોડયાનું પ્રમાણપત્ર, જાતિનો દાખલો, બેંક પાસબુક, અધારકાર્ડ, ૦૨ પાસપોર્ટ સાઈઝના ફોટો સાથે તા.૮ જુલાઈ સુધીમાં સ્વખર્ચે આપી જવા જણાવાયું છે.. આ તાલીમ માટે સૈન્યને લગતા અન્ય ધારાધોરણ પણ અનુસરવાના રહેશે તેમ અખબારી યાદીમાં જણાવાયું છે.

.................